શ્રી પરમાત્માને નમોનમઃ

# ભવતારણ ભજનાવળી.

રચનાર.

## વ્યાસ દલસુખરામ દલપતરામ.

## ગામ મોડાસાના.

---

સુધારા વધારા સાથે.

છપાવી પ્રસીદ્ધ કરનાર.

## વ્યાસ દલસુખરામ દલપતરામ.

દોહરો.

ભવતારણ ભજનાવળી, શીખે સાંભળે જેહ;
ત્રીવીધીના તાપથી, તરત ટળે જન એહ.
સુખ પામે સૌ વાતનું, શાન્તિ સર્વની થાય;
ભ્રાંતિ ભાગે મનની, દલસુખ વાણી ગાય.

આવૃત્તિ ૨ જી. પ્રત ૧૦૦૦.

સંવત ૧૯૬૫. સને ૧૯૦૮.

કીંમત ૦—૨—૦.

गूजरात विद्यापीठ ग्रंथालय

[ गुजराती कॉपीराइट विभाग ]

अनुक्रमांक ૨૩૫૫ वर्गांक

पुस्तकनुं नाम ભવતારણ ભજનાવલી

विषय ૨-:૬

શ્રી પરમાત્માને નમોનમઃ

# ભવતારણ ભજનાવળી.

રચનાર.

## વ્યાસ દલસુખરામ દલપતરામ.

## ગામ મોડાસાના.

---

સુધારા વધારા સાથે.

છપાવી પ્રસીદ્ધ કરનાર.

## વ્યાસ દલસુખરામ દલપતરામ.

દોહરો.

ભવતારણ ભજનાવળી, શીખે સાંભળે જેહ;
ત્રીવીધીના તાપથી, તરત ટળે જન એહ.
સુખ પામે સૌ વાતનું, શાન્તિ સર્વની થાય;
ભ્રાંતિ ભાગે મનની, દલસુખ વાણી ગાય.

આવૃત્તિ ૨ જી. પ્રત ૧૦૦૦.

---

સંવત ૧૯૬૫. સને ૧૯૦૮.

કીંમત ૦—૨—૦.

ગુજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય
અમદાવાદ
ગુજરાતી કૉપીરાઈટ-સંગ્રહ
૨૭૬૯

અમદાવાદ.

" શ્રી જૈન વિદ્યાવિજય પ્રીન્ટીંગ પ્રેસ. "

રીચીરોડ–ફતાસાની પોળ આગળ.

ॐ श्री परमात्माने नमो नमः

# અર્પણ પત્રિકા.

સદા હેતકારિ, પ્રેમસ્નેહી, વિવેકસાગર, રા. રા. પરમકૃપાળુ, ભાગ્યશાળી શેઠ સુરા રણછોડલાલ ભાઇચંદભાઈ, આપ દયાવાન તથા ક્ષમાવાન, તથા પુન્યવાન તથા નીતિવાન, તથા સ્વ-ધર્મમાં સુધારો તથા સાહ્ય કરનારા જાણી મારી અલ્પમતિથી રચેલો ભવતારણ ભજનાવળી નામનો ગ્રંથ આપનેજ અર્પણ કરૂંછું તે સ્વીકારશોજી.

લી. વ્યાસ દલસુખરામ દલપતરામ.
મુ. મોડાસા.

## મનહર.

શેઠ રણછોડ સૂરા, પુન્યમાંહે પુરેપુરા;
ધર્મીષ્ટ ધરમ જેવા, ગામમાં ગણાય છે;
અધીકાર ઈંદ્રતુલ નથી એમનામાં ભુલ;
વિક્રમ ને ભોજરાજ, જેવા એ જણાય છે;
પુન્યની બાંધીછે પાજ, રાંકની રાખોછો લાજ;
કિરતી કરણ જેવી જાણી ચીત્ત ચાય છે;
કહે દલસુખ વ્યાસ, આવ્યો છું તમારી પાસ;
આ અલ્પમતિનો ગ્રંથ, આપને અપાય છે.

લી. પોતેજ દલસુખરામ.

ગ્રંથ સ્વીકારી પત્રીકાની પાંચ રૂપીઆ ભેટ આપવા કબુલ કર્યું તેથી કહુંછું કે કૃષ્ણજી આપનું કલ્યાણ કરો, ભગવાન તમારા ભંડાર ભરો, આ વ્યાસ દલસુખની વાણી ફળો, એજ મારો આશીરવાદ છે.

# પ્રસ્તાવના.

પુર્વના મહાન પુન્યને લીધે મનુષ્યદેહ પ્રાપ્ત થએલી છે તો તેવડે આત્માનું સાર્થક કરવું એજ ઉત્તમ છે, કાચુ કોરે મુકી સાચાનો સંગ કરો, શું કરવા માયાની જાળમાં મરો, ભગવાન ભજીને ભવસાગર તરો, તો તો જન્મ ધર્યો ખરો. આ સંસારરૂપી સમુદ્રમાં નવકારૂપી હરિનું નામ છે તેનેજ તમે વળગો, અને દુરાચાર કરોને અળગો; અને આત્મ બંધુઓ તમારા ખટ શત્રુને ખસેડી મનને પરિબ્રહ્મ સાથે જોડો અને બીજી મલીન વાસનાઓને તમે તોડો. જુઠાને દુર ફેંકી ઉગરવાની આશા રાખો અને આ પ્રેમ રસ પ્રેમથી ચાખો, કાળજાના ફૂટેલ હૈયાના ફૂટેલ કાછડીના છૂટેલ કામરૂપી અંધાપે ભગવાનને ભુલી સંસારરૂપી દરિઆમાં ડુબાય છે અને એમનો અમુલ્ય અવતાર એળે જાય છે. આહા એ કેટલી બધી દીલગીરીની વાત છે! કંઇકને વ્યભીચારે વટલાવી દીધા કંઇકને લોભે લુટી લીધા, કંઇકને પરવૃ-

ત્રિએ પટકી નાંખ્યા કંઇકને મોહે મારી નાખ્યા કંઇકના જુઠીબાઇએ જન્મ ગુમાવી દીધા. આહા એ કેટલી બધી આચારીની વાત છે. માટે ભાઇઓ સદા સતસંગ, સદા સુવિચાર, સદા સુનીતી, સદા પ્રેમ પ્રીતી કરિ પરમાત્માના પદને પ્રાપ્ત થવા પ્રયત્ન કરવો એજ મોક્ષનો હેતુ છે.

લી. સંતચરણરજ.

વ્યાસ. દલસુખરામ દલપતરામ.

# ભવતારણ ભજનાવળી.

## શ્રી ગણપતિની સ્તુતિ.

### પદ ૧ લું.

હે ગણુપતિ, આપો સન્મતિ;
શંભુસુત સાંય કરો, દુઃખ ન રે' રતિ. ટેક
પાપ તાપ પરિતાપ મટાડો, કરગરૂ વારંવાર;
દયા કરો દીન દાસના ઉપર, માનીશ હું ઉપકાર. હે.૧
તેત્રીશ કોટી દેવ મંદીર, પુજન પેલુ થાય;
સુંઢાળાનું સમરણ કરતાં, સંકટ સરવે જાય, હે.૨
ભરૂસો મુજને છે ભારે, મારે આપની આશ;
ગ્રંથ રચવા ગતિ આપજો, રાખુ હું વિસવાસ. હે.૩
કુમતા મમતા મારી ટાળો, પોચાડો મન કોડ,
દાસ દલસુખ વાણી બોલે, જયજય શ્રી રણછોડ.હે.૪

### પદ ૨ જું.

દોહરા.

બ્રહ્મ પુત્રી સરસ્વતિ, નમી નમી લાગું પાય,
કૃપા કરો મુજ રંકપર, ગ્રંથ ચાલતો થાય.
મોર વાહન તું માવડી, બેઠી ખાંડાધાર,

દયા કરો દીલ લાવીને, છે તારો આધાર.
હું સેવક છું તમતણો, તમપર ઝાઝી હામ;
દોષ ના જોશો દીલમાં, કે છે દલસુખરામ.

પદ ૩ જું.

સાંભળજ્યો સામળીયા પ્યારારે ાારાા એ રાગ બેવાર૦

ગરબી.

જાણજ્યો જગતના લોકોરે, જાણજ્યો જગતના લોકો, ાાશાા
મોટા મોટા મરિ ગયાને, પડી પાછળ પોકો. ટેક

રાવણ રાય હતો જુવો બળમાંરે ાારાા
રામજીએ ક્રોધ કરિને રોળી નાંખ્યો રણમાંરે
છત્રપતિ પૃથવીપતિ રાજારે ાારાા
ભીમસેને મારી નાંખ્યો તોડી તેની માઝા.
જરાસન કરણ બહુ બળીયારે ાારાા
સહુ જેવા સૂરા રાજા પણ મરણ શરણ ભળીયા.
પાલખીએ એવા રાય ચડતારે, ાારાા
આવી ખલકમાં ખોવાઈ ગયા તે ખોળ્યા નથી જડતા.
ઉડીને તારા તોડી લાવેરે ાારાા
શાખ વરતાવે શુરો હોય પણ, કાળ મુખ આવે.
એવા નર કંઇક ગયા ઉડીરે, ાારાા
મોહ જાળની ફાંસીમાં આ સૌ દુનીયાં બુડી.
બચવા શોધો તમે બારીરે ાારાા

ઉગરવાનો ઉધારો છે, ગાજ્યો ગીરધારિ.
કહ્યું મારૂં ક્યારે તમે કરશોરે. ॥૨॥
જ્ઞાન વિના મુકતી નહી પામો મરશોને અવતરશો.
સતગુરૂ સોધી જુવો સારોરે; ॥૨॥
મનમાને તેવ ને મળતાં જડે ઝટ આરો.
દલસુખે દીલમાં મંન ધોયુંરે. ॥૨॥
જ્ઞાન અંજન અડકાડયું કે, મંન મારૂં મોયું.

પદ ૪ થું.

માથે કોપી રહ્યો છે કાળરે ઊંઘ તને કેમ આવે એ સાચ.
જીવ જોને વિચારી મૂળ તારૂંરે.
સમજે તો સુખ થાશે. ટેક

ઓચીતું થાશે અંધારૂરે. સમજે૦
અજ્ઞાન તીમ્મર તું ટાળરે. સમજે૦
પરવૃતી તણુ મૂળ બાળ રે. સમજે૦
કુડ કપટ કરને દૂરરે. સમજે૦
ભાવે ભંજન કરજે ભરપૂરરે. સમજે૦
તું લેને પરમારથ લાવરે. સમજે૦
ફરિ નહિં આવે આવો દાવરે. સમજે૦
જપ જુગજીવંનનો તું જાપરે. સમજે૦
તારા ટળશે ત્રીવિધી તાપરે. સમજે૦
શીવ થતાં પછી ઘણું સ્હેલરે. સમજે૦

તારાં મુકી દે ફોગટ ફેલરે. સમજે૦
ગુરૂ પ્રતાપે ગુણ ગવાયરે. સમજે૦
કહે દલસુખ લાગું હું પાયરે. સમજે૦

પદ ૫ મું.

રાગ ઉપરનો.

આવો રામ રસ પ્રેમથી પીવોરે.
દુઃખ તારાં દુર જાશે. ટેક
દયા દેવનો દીલ કરો દીવોરે દુઃખ૦
અંતર તારૂં અજવાળરે. દુઃખ૦
વનમાં તેજ તણો નહિ પારરે. દુઃખ૦
દયા દીનતાને દીલ વીશે રાખરે. દુઃખ૦
મોઢે જુઠુ વચન નવ ભાંખરે. દુઃખ૦
આ સ્વપનાની બાજી તું મૂકરે. દુઃખ૦
નિતિમાં ના પાડીશ ચુકરે. દુઃખ૦
હરિ ઠાકોર ભજવા બેશરે. દુઃખ૦
બીજુ મૂકી દેજે લવલેશરે. દુઃખ૦
વૈરાગથી વેગળો ના થૈઇશરે. દુઃખ૦
જો હરિ ચરણુંમાં રહીશરે. દુઃખ૦
હેત કરી હરી શું બાંધરે. દુઃખ૦
તાર તૂટે તો વારે વારે સાંધરે. દુઃખ૦
ગુરૂ પ્રતાપે શીખ દઉં સારીરે. દુઃખ૦

કહે હલસુખ વાત માંન મારીરે. દુઃખ૦

પદ ૬ ઠું.

હરિનો મારગ છે સુરાનો નહિ કાયરનું કામજોને—એ રાગ.

ચટપટ ચેતો નહિં'તો ફજેતો, થાશે પૂરે પૂરોરે,
હરિ નામનું હથીઆર હોરી, કરો કાળનો ચુરોરે,
પળતણી તો પતીત નથી લ્યા, કેમ મંન ના વારૂંરે,
ધંનને કાજે ધણીને ભુલ્યો, બહાર ભમે મંન તારૂંરે,
પરવૃત્તિએ પકડી લીધો, નિવૃત્તી નહીં પામ્યોરે,
ઝેર હળાહળ જાણીને પીધું, રામ રંગ નહિ જામ્યોરે,
ખરી વસ્તુની ખોળ ના કીધી, બકયો બીજી બહુ વાતોરે,
સત્ત સમાગમ જઇ ના સમજ્યો, વાટ વાંકી જાતોરે,
ધીક જનમારો ધીક તારૂં જીવ્યુ. પીધું વીખનું પાણીરે,
જન્મ ગુમાવ્યો જઇ જુઠામાં, વાત તારી વખાણીરે,
મેલી મમતા સુખ શોધી લે, સીદ દુઃખમાં દટાયરે,
કાળ કોળીયા કરી જવાનો, હલસુખ વાંણી ગાયરે.

પદ ૭ મું.

રાગ ઉપરનો.

જાગી જોને ઓરે અભાગી, માન સીખ તું મારીરે,
રાઇ રાઇનાં લેખાં લેશે, શી ગતિ થાશે તારીરે,
પલક વાર પ્રીતમ ના ભજીયા, કજીયામાં નહિ કાચોરે.
પાપ કામમાં પગલાં માંડે, પુન્યમાં પડે પાછોરે,

ડોબા જેવું દીલ તેં ધાલ્યું, ભુંડી વાતમાં ભાગ્યોરે
ઓ ભમરાળા મુક તું ચાળા, કરમ કાળા કરનારારે.
પર નીંદ્યામાં પુરો તું પાડા. પાપે પેટ ભરનારારે,
ઓ છટકેલા ઓ ફટકેલા, દગલબાજીમાં ડાહ્યોરે,
ગરીબ લોકનાં ગળાં તે રેંશ્યાં મતલબ વાતે ધાયોરે.
સીધે સીધુ જરા ન કીધુ કંઇકને દીધું દુઃખરે.
દલસુખ કહે તું સીદ જીવે છે. ધીક જનેતા કુખરે,

પદ ૮ મું,

પ્રભુજી પાર ઉતારો મુને શેવક તમારો નમે ધારો—એ રાગ.
સંસાર લાગે છે ખારો. ગુરૂજી હવે સંસાર લાગેછે ખારો ટેક.
બચની તમે મુંને બારી બતાવો. ઉગરવાનો આલોઆરો ગુરૂ.
કાળનો ભય મુંને લાગે છે ભારી. ઉપાય બતાવો કાંઇ સારોગુરૂ
માયાના સુખમાં ભુખ નથી ભાગતી.ભ્રાંતિજ તેની નીવારોગુરૂ.
કાળ ચક્રમાં કંઇક કપાઇ ગ્યા બ્હેતું તે મંન મારૂં વારો ગુરૂ.
દુઃખ દરિયામાં ડુબી ગયોછું તેમાંથી તમે મુંને તારો ગુરૂ,
તનડાંની વાતોતો તમને કે.વાની શાંતિનો આપો સુધારોગુરૂ.
અંત્તરની તમને અરજ કરૂંછું બતાવો પ્રાણજીવંન મારોગુરૂ.
દલસુખ કે છે બાપ દયા કરીને. ઉતારોમુંને ભવ પારો ગુરૂ.

પદ ૯ મું.

આનંદ મંગળ કરીએ આરતી, હરિગુરૂ સંતની શેવા—એરાગ.
સત્ય સંગમાં નીશદીન રમીએ કરીએ ગુરૂની શેવા ટેક.
પ્રાતઃકાળ પેહેલાં ઉઠીને, ભજીયે દેવાધી દેવા. સત્ય૦

તન મન ધન અર્પીએ તેને, મળશે મીઠા મેવા, સત્ય.
જરૂર મુકાવે જન્મ મરણુ એ, જાણીશ નહિ જેવા તેવા સત્ય.
ભાવ થકી ભોજન કરાવીએ, એ પારસમણીના જેવા. સ.
સંપતિ પરમાણે સેવાજ કરીએ, અખૂટ સુખડાં લેવા.સત્ય.
દલસુખ કહે ગુરૂ દુઃખ દુર કરશે. આવશે દરશન દેવા. સ.

પદ ૧૦ મું.

જશોદા કાનાને કેમ કરીએ--એ રાગ.

ભાઇઓ તમે સત્ત સંગ સૌ રાખો.
કુસંગનું મુળ કાઢી નાંખો. ભાઇઓ. ટેક.
નકટા નાક કપાવામાં રાજી
ચુકાવે છે આવેલી આ બાજી
માટે તમે ગાવો ગોવીંદ ગાજી. ભાઇઓ ૧
સંગત સદા સારાની કરીએ,
નબળા સાથે નવરા નવ ફરિએ;
ભક્તી રોજ ભાવ થકી કરીએ. ભાઇઓ ૨
ધાર્યું નહિ થાય અલ્પ્આ તારૂં,
કહ્યું કર કાંક થશે સારૂં;
દલસુખ કહે માન કહ્યું મારૂં. ભાઇઓ ૩

પદ ૧૧ મું.

રાગ ઉપરનો.

માનો તમે વાત મનમાં મારિ,
ગાજી તમે ગાવોને ગીરધાર. માનો ટેક.

ફૂલ્યા સીહ ફરે ફોગટ ફરતા;
ધરણીધરના ડર નથી ધરતા,
તે તો નર મરતાને અવતરતા. માનો ૧
પરાયું તો પેહરે માગી માગી;
પેહરવાની લત એને લાગી,
બળી તારિ નાગી વરણાગી. માનો ૨
ઘરમાં જ્યારે ખૂટે કદી આવા;
ત્યારે બને ભગત કે બાવા,
મોઢ માગે લાડવા ખાવા. માનો ૩
ધૂતારે તો ઢોંગ ઘણા રચીયા;
જુઠામાં તો જૂલમ કરિ મચીયા,
કહે દલસુખ કાળના પેટ પચીયા. માનો ૪

પદ ૧૨ સું.

રાગ ઉપરનો.

જુવો તમે આખરે સત્ય તરશે,
દુરીજંન દેખી તેને ડરશે. જુવો તમે ટેક.
બળી જેવો રાજા કહીએ બળમાં;
પણ આવ્યું હરિતણા કરમાં,
પગે ચાંપી ઊતાર્યો પાતાળમાં. જુવો તમે ૧
પ્રસંન થયા સત્ય દેખી શ્યાંમ;
માગ્યું તેણે પાતાળના ઠામ,

પેરો ભરે પાસે મારો રામ. જુવો તમે ૨
નરસીંહુઆને ન્યાલ કરી દીધા;
સુદામાના મ્હેલ કંચન કીધા,
પાંડવોને શરણુંગત લીધા. જુવો તમે ૩
મીરાંબાઈનું ઝેર અમ્રીત કીધું;
સૂધનવાનું દુઃખ હરિ લીધું,
ધ્રુવજીને પદ અવીચળ દીધું. જુવો તમે ૪
પ્રલ્હાદની પ્રતી પાલણુ પાળી;
હીરણ્યાકશ્યપ હરિ નાંખ્યો મારી,
ભક્ત ધનાની દુગંધા ટાળી. જુવો તમે ૫
સીખ સુણી સુપંથે વળશે;
જેવો જોઇએ લાભ તેવો મળશે,
કહે દલસુખ ભવસાગર તરશે. જુવો તમે. ૬

## પદ ૧૩ મું.

ભુંડા ભવમાં તે ગોથાં ખાયછેરે—એ રાગ.

ગુરૂ ગમની તે સુજ હવે પડીરે,
મારે આવી આનંદની હવે ઘડીરે. ગુરૂ. ટેક.
કાયાનગરીમાં દેવ બીરાજેરે,
જોઇ આનંદ થયો છે મને આજેરે. ગુરૂ. ૧
દેવ દીઠાને ઠીક ઠરિ બેઠારે,
પગે લાગીને પ્રેમમાં પેઠારે. ગુરૂ. ૨

ટળી કાળની તે મારે હવે બીકરે,
મુને ઠેકાણું જડી ગયું ઠીકરે. ગુરૂ. ૩
ભય નાઠો છે ચીસ ચટ પાડીરે,
હવે આનંદ થવાનો મારે દાડીરે. ગુરૂ. ૪
પરવૃત્તી તે પડતુ મેલી દોડીરે,
લોભ લાલચનું માથું નાંખ્યું ફોડીરે.ગુરૂ. ૫
હુંકાર અભીમાન ત્રાસીયારે,
છળ કપટ છટકીને નાસીયારે. ગુરૂ. ૬
માન બડાઇ કાલાવાલા કરતીરે,
મારી દગાની મતિ હવે ડરતીરે. ગુરૂ. ૭
શ્યામ સંગે સારો લાભ થાયછેરે,
વ્યાસ દલસુખ આ ગુણ ગાયછેરે. અનુભવની. ૮

પદ ૧૪ મું.

જુગદીશ જપરે—એ રાગ.

ધ્યાન તું ધરરે. ધ્યાન તું ધરરે, જો સાધન સારમાં એ છે.ટેક.
વિશ્વનાથ રચી જો બાજી, બાજીમાં રહ્યા બહુ રાજી;
પણ ગુણ ગોવીંદ ગુણ ગાવ ગાજી, આવશે ખપરે.જો. ૧
સૌમાં પુરણ દેખજે ભાઇ, ધર્મકામ રેજે તું ધાઇ;
કરજે કૃષ્ન નામ કમાઈ, નામ તું જપરે. જો. ૨
ભાઇ દોશ કર્મને દીજે, પણ પરને જરા નવ કીજે;
આદીનથી ઇશ્વર રીઝે, કર તેનું તપરે. જો. ૩

દલસુખ કે' ડાહ્યો થાજે, ગુરૂ ચરણુમાં શરણુ જાજે;
શીખામણુ કહું તારા કાજે, નવ જાણીશ ગપરે. જા. ૪

પદ ૧૫ મું.

રાગ ઉપરનો.

રામ તું રટરે, રામ તું રટરે, તારા કઠણુ વેળાએ કામનું. ટેક.
તું મુકી દે મનની લાજ, રૂડો અવસર છે આજ;
ભજ સીતાપતિ મહારાજ, પછી તને ધનરે, તારા. ૧
જીવતરને જુઠું જાણી, તુ ભજી લે સારંગપ્રાણી;
જુગમાં રેશે અંધાણી, સમજ તું મનરે, તારા. ૨
જુગમાં જન્મીને જવાનું, નથી કોઈ ભાઈ રહેવાનું;
હાથે તે સાથે થવાનું, વેદ વચનરે. તારા. ૩
શીખામણુ સમજે તો સારિ, લેજે અંતર ઉતારી;
કહે દલસુખ ગા ગીરધારિ, રૂડો આ દનરે. તારા. ૪

પદ ૧૬ મું.

રાગ ઉપરનો.

ભક્તીમાં ભળરે, ભક્તીમાં ભળરે, ભગવાન મીલેગા તુને. ટેક.
સાચામાં સુખ છે સાચું, પ્રભુ ચરણુકમળ ચીત્ત રાચું;
તારૂ કાયાનું કોટડું કાચું, જાણુજે ઝટરે, ભગવાન. ૧
તું તપાસ તનમાં તારૂં, પણુ દીવા વગર અંધારૂં;
તું મેલ માયાનું લારૂં, અરે નફટરે. ભગવાન. ૨
માયાને બ્રહ્મ દોનુ એક, તેનો વીરલા જાણે વિવેક;

ભેદવાદીને મન અનેક, ચેત ચટપટરે. ભગવાન. ૩
દલસુખ કે' દીલમાં ડરવું, કામ પરમારથ કરવું;
નિતિ ચાલી અનુસરવું, મેલ ખટપટરે. ભગવાન. ૪

પદ ૧૭ મું.

રાગ પ્રભાતિયું

રાખ તું શુભમતિ, સમર સીતાપતિ,
દાવ આ આવ્યો તે ફરી નાવે; ટેક.
માયાના ફંદમાં આનંદ ના આવ્યો,
ભુલી ભગવાનને ભવમાં જાવે. રાખ૦
લાભ લીધો નહિ પ્રેમ પીધો નહીં,
સુખમાં શ્યામને ગયો ભૂલી, રાખ૦
ભ્રષ્ટ ભૂલ્યો ભમે કષ્ટ વેઠે ઘણું,
સુકી અમૃતને ખાધી શુલી. રાખ૦
દેવળ છે દેહમાં દેવનો દેવ ત્યાં,
આનંદનો ઉભરો ત્યાંથી આવે; રાખ૦
પાંચ પચીસને મારી પેલો મરે,
શામીઆ ભક્તને વાત ભાવે. રાખ૦
સમજુને સહેલ છે ફેલ ફીતુર નથી,
ગેલમાં ગોવીંદ ગુણ ગાવે; રાખ૦
કેછે દલસુખ કે' સંતને સેવતાં,
શામીઆ ભેટતાં દુઃખ જાવે. રાખ૦

## પદ ૧૮ મું.

### રાગ પ્રભાતીયું.

રામના સંગનો રંગ લાગ્યો નહિ,
વ્યાધીઓ વળગી લોક કેરી, ટેક.
મારાને તારામાં તુંતો તેમાં ફરે,
માયાના ફંદમાં ફરીઓ ફેરી. રામ૦
દામને કારણે દોડે છે દશ દશા,
ધણીનું નામને નારે જાણ્યું; રામ૦
સંસાર સુખમાં ભૂખ ભાગી નહિ,
ઘાંચીનું ગાળીયું ગળે આંણ્યું. રામ૦
બેલ તું ફંદમાં ફેરા કરી ફરિ રહ્યો,
મુક્તીની જુક્તી તેં નારે જાણી, રામ૦
શાસ્ત્ર શ્રવણ કરે કાને તું નવ ધરે,
રેડયું રેલે જેમ પથ્થર પાણી. રામ૦
ખલકમાં ખોળી લે પલકમાં પુરસોતમ,
આજ કે કાલતો જાવું નક્કી; રામ૦
કે છે દલસુખ કે પ્રેમ ત્યાં પ્રગટશે,
ભીત્તર ભાવના જાણ પક્કી. રામ૦

## પદ ૧૯ મું

### રાગ પરજીઓ.

જુવો જગતના લોકરે, ભક્તી કરે તેને ધન્ય છે; ટેક.

સંસાર સ્વપના તુલ્યમાંરે, ભુલ નથી લગારરે.
ઝાંઝવાના જળમાં શું જુવો, તૃષ્ના નથી મટનારરે. ભક્તી.
ખોળી જુવો ખરા ખંતમાંરે, અંતે આવે એ કામરે;
નિશ્ચય કરિ તમે રામ ભજો, ઠરવાનોજ ઠામરે. ભક્તી.
ગુરૂ વિના ગમ નહિ પડેરે, સમજણુ વિના નહિ સુખરે;
દીલ દુભાય દુઃખ દેખીને, વૈદ મળે થાય સુખરે. ભક્તિ.
ભેદુ વિના ભૂલ નહિ ટળેર, ભૂલને ભાગનાર એજરે;
દુઃખનો ડુંગરો દૂર કરે, સમજૂ મળે તો સેજરે. ભક્તિ.
શુંન શીખ્ખર ગઢ શામળારે, ત્યાં નંત લીલા લ્હેરરે;
આનંદનાં વાજાં વાગીયાં, જેને થાય એની મ્હેરરે. ભક્તી.
ગુરૂ પ્રતાપે ગોવીંદ જડયારે, ભાગ્યું ભવોભવ દુઃખરે;
સુખના સાગર ઉલટયા સત્ય કહે દલસુખરે. ભકતી.

પદ ૨૦ મું

રાગ ઉપરનો.

સુણો સૃષ્ટીના લોકરેરે, કળીકાળ આવ્યો જુવો કોપતો.
અળગો કર્યો આચારરે, દગલબાજીમાં દોડયા ફરે;
મુકી મનની સર્વે લાજરે, કળીકાળ આવ્યો જુવો કોપતો.ટેક
ભાંડ ભવૈયા જોવા નીકળેરે, આવે ધર્મમાં લાજરે;
કામ કરેછે બહુ કુડનાં, તોડે પુન્યની બાંધી પાજરે કળી.
સંત સાધું ભુખે મરેરે, પુજે પાખંડીના પગરે;
ધૂતારાને ધન આપશે, ઠાલો થઇને બેસે ઠગરે. કળી૦

પ્રપંચીની પ્રીત્યો સદારે, નીચ સાથે વેહેવારરે;
કોટ પાટલૂન બૂટ પગમાં, હાથ છડી છટાદારરે. કળી॰
દુરવ્યસનમાં ડુબીયોરે, થાય ભેઇના ભુંડા હાલરે;
સુખ ચાટે છે એનું કુતરાં, બન્યા ભીખારી કંગાલરે. કળી
વ્યાધી ઉપાધી આવે ઘણીરે, રોગ પીડે એને કાયરે.
બોળવાને બેઠો એતો બાપનું, માંદો થઇને મરી જાયરે કળી॰
માટે અશુભ અળગુ કરિરે, સોધો સપુતનો સાથરે;
સંગ દોશ લાગ્યો આજીવને. માનો દલસુખની વાતરે. કળી॰

### પદ ૨૧ મું.

વાગેછેરે વાગેછે વનરાવન મોરલી વાગેછે—એ રાગ॰

લાગેછેરે લાગેછે સતસંગથકી રંગ લાગેછે ટેક॰

સતગુરૂનો સંગ કર્યાથી,
ભવની ભુલવણી ભાગે છે. સંત. ૧
જાગંતા નર ઓરનકું જગાડયા,
વાગતું હોય તેમ વાગે છે. સંત. ૨
જાગી જુવે તો જરૂર જણાશે,
શ્યામ સનમુખ આગે છે. સંત. ૩
કરજોડીને કે'છે દલસુખ વ્યાસ,
ત્રીગુણી માયા તાગે છે. સંત. ૪

### પદ ૨૨ મું.

રાગ ઉપરનો.

જાગેછેરે જાગેછે શુન મંદીરે શ્યામ બીરાજેછે. ટેક॰

અજર અમર અખંડ અવીનાશી,
સૌને શીર એ છાજે છે. શુન૦ ૧
અખંડ વરને વરે સુખ થાયે,
ઘટઘટ ગોવીંદ ગાજે છે. શુન૦ ૨
દેખ્યા વીના તો દુઃખ નહિ ભાગે,
આનંદ ઊરમાં આજે છે. શુન૦ ૩
સતગુરૂ સાચું સમજાવે,
મતિ વીણુ લઢવા બાજે છે. શુન૦ ૪

## પદ ૨૩ મું.

### રાગ ઉપરનો.

આવેછેરે આવેછે શુભમતિ થકી સુખ આવેછે. ટેક.
પ્રેમીજનને પ્રેમજ વ્હાલા, ગુણ ગોવીંદના [illegible] શુભ૦
દુરિજન દુખમાંજ હટાશે, ફોગટ ફેરા ખાવેછે. શુભ૦
ગુણુ[illegible] જન ઘણાજ વ્હાલા, સંતપુરૂષ મન ભાવેછે. શુભ૦
ગુરૂકૃપાથી દલસુખ કે'છે, સુરતા શીખરગઢ જાવેછે. શુભ૦

## પદ ૨૪ મું.

### ભક્તી જેણે આદરી, રામા રામા—એ રાગ.

નિતિ જેણે આદરી, રામા રામા. ૧
ચારે દીશા પાથરી, રામા રામા. ૨
ચોકસ એમાં ચીત્ત છે, રામા રામા. ૩
રૂડાની એ રીત છે, રામા રામા. ૪

દર્શન તેને નીત છે, રામા રામા. ૫
પ્રભુ તેનો પાંસરો, રામા રામા. ૬
વેરી તેનો આંધળો, રામા રામા. ૭
જુઠું નવ જાણશો, રામા રામા. ૮
દલસુખ વેણ માનશો. રામા રામા. ૯

પદ ૨૫ મું.

રાગ ઉપરનો.

રૂડો આવો જોગ છે, રામા રામા. ટેક.
ભોગમાં તો રોગ છે, રામા રામા. ૧
સ્વપ્નના જેવું સુખ છે, રામા રામા. ૨
અંત્યે દુઃખનું દુઃખ છે. રામા રામા. ૩
પરીણામે ટોટ છે, રામા રામા. ૪
વેપારે એ ખોટ છે, રામા રામા. ૫
માથે મર્ણું માર છે, રામા રામા. ૬
હરિ નામ સાર છે, રામા રામા. ૭
ભજે બેડો પાર છે, રામા રામા. ૮
ગુરૂ ગમ પાડશો, રામા રામા. ૯
દલસુખ કે' દેખાડશો, રામા રામા. ૧૦

પદ ૨૬ મું.

લાલ મ્હારે ચડો તો વેલા આવજોરે—એ રાગ.

પ્રેમ ધરીને હરી સંભાળજો રે,

નામ હેતાં શકે તેને વાળજ્યો રે. ટેક.
કોઇ ભાવથી તે રામરામ બોલશેરે,
તેના અંતરના પડદા ખોલશેરે. પ્રેમ૦ ૧
કોઇ હરિ તે હરિજ કરશેરે,
તેને દેખીને પાપ સૌ ડરશેરે. પ્રેમ૦ ૨
કોઇ હરિ તે હરિજ કે'શેરે,
તે તો હરિ ચરણમાં રહેશેરે. પ્રેમ૦ ૩
કોઇ વિઠ્ઠલવર સંભાળેરે,
તેને ત્રીલોકનાથજ તારેરે પ્રેમ૦ ૪
જેને પ્રભુ સંઘાતે લાગ્યું ધ્યાનરે,
તેને ત્રીલોક વિષે માનરે. પ્રેમ૦ ૫
જેનું પ્રભુ સંઘાતે મન ભળીયુંરે
તેને દેખીને દુઃખજ ડરીયુંરે પ્રેમ૦ ૬
જેનું મોહનમાં મન મળીયુંરે,
તેને સંસારનું ગાળીયું ટળીયુંરે. પ્રેમ૦ ૭
જેને શામજીનો સંગ કરીયોરે,
તેતો સંસારસાગર તરીયોરે. પ્રેમ૦ ૮
જેને સામળીયાનો સંગ રાખ્યોરે,
તેણે સંસારનો કુચો કાઢી નાંખ્યોરે. પ્રેમ૦ ૯
જેને શામજી સંઘાતે થઇ પ્રીતરે,
તેતો કેવાય સરવા જીતરે. પ્રેમ૦ ૧૦

નથી જમનો પછી તેને મારરે,
કહે દલસુખ ઉતર્યા એ પારરે. પ્રેમ૦ ૧૧

પદ ૨૭ મું.

જ્યાં સુધી આતમા અંગમાં છે ત્યાં સુધી હરિ હરિ તું કે એ રાગ.

જ્યાં લગી પંડમાં પ્રાણ છે, ત્યાં લગી નામ નારાયણ દે;
પા પલકની ખબર નથી લવા, માથે મરણનો ભે. જ્યાં૦ ૧
કેહેવા સરીખુ કૃષ્ણ નામ છે, કહી શકાય તો કે. જ્યાં૦ ૨
લેવા સરીખુ હરિ નામ છે, લઇ શકાય તો લે. જ્યાં૦ ૩
દેવા સરીખુ અન્નદાન છે, પુન્ય કરિ ના કે. જ્યાં૦ ૪
ઘડી પલકનો નથી ઉધારો, દલસુખ સુખ દુઃખ સે. જ્યાં૦ ૫

પદ ૨૮ મું.

રામ લક્ષમણ વનમાં સધારીયા—એ રાગ.

ભાઇ તું કરને પ્રભુ સાથે પ્રીતરે
માન્ય માન્ય મારૂ તુ ખચીતરે
આતો રૂડો અવસર તારો જાયરે
તને વિચારવુ નવ થાયરે
જાગ્ય જાગ્ય ઊંઘે શું અઘોરીરે
ટુટી જાશે આયુષની દોરીરે
ખરૂ કહું છું ખબરદાર થજેરે
રોજ હરિ કથામાં તું જજેરે
એક ચીતે સાંભળવી જો કથારે

બીજી વાત મુકી દેવી વૃથારે
કૃષ્ણ ચરણુ ચીત્ત ચોડી દેવુંરે
સૂરતાં રાખીને સાંભળી લેવુંરે
હરિ ચરણુ ચીત્ત તારૂં ભળશેરે
ત્યારે અવિદ્યા તારી તો ટળશેરે
કુપંથે જતાં મન ખળશેરે
શ્યામ સંગે સારો લાભ મળશેરે
સાચું માનોને તમે મુજ ભાયારે
લક્ષ ચોરાસી ફરીને આયારે
માહા મોંઘો મણી તને મળીયોરે
નાંખ્યો કચરામાં ને ખાળે પડાયોરે
ખરૂં રત્ન ખરાબમાં ખોયુંરે
મુળ સ્વરૂપમા મુળગું ના જોયુંરે
ત્રષ્ણા તરંગમાં તું તો તણાયોરે
એક પલક પુરસોતમ ના ગાયોરે
પુત્ર પરિવારે ઘણો ભાવ્યોરે
હરિ ભજવાનો વખત ના આવ્યોરે
પ્રભુજીમા તો પ્રેમ ના પેઠોરે
ઠાકોર ભજવા ઠરી નવ બેઠોરે
હાથે કરી બગાડી તેં બાજીરે
કેછે દલસુખ નામ દેજ્યો ગાજીરે

### પદ ૨૯ મું.

લાલ ડંકો વાગ્યોછે તારા દેશમાંરે—એ રાગ.

ભુંડો ભવમાં તે ગોથાં ખાયછેરે,
એ તો હારા સંગે ડુબાયછેરે. ભુંડો. ૧
સુરતા કરીને સટકે છે એમાં,
ખાંતેથી ખત્તા એ ખાયછેરે. ભુંડો. ૨
અવળી વાતે એ સવળો વળે છે,
પાછળથી પુરો પસ્તાયછેરે. ભુંડો. ૩
સાર અસાર સમજતો નથીરે,
પાણી પીને પુછવા જાયછેરે. ભુંડો. ૪
હલસુખ કેછે દૂર કર દુરગુણ,
સમજીને મુકે સારૂ થાયછેરે. ભુંડો. ૫

### પદ ૩૦ મું.

મગ મોરારે ન ખોદ જાન શીદ તેડીતી—એ રાગ.

વીઠુલ વરને વીસરે, તું તો દુઃખમાં ડુબાઇશ. ટેક.
પછી પાછળથી પસ્તાઇશ,
વળી માર ઘણો તું ખઇશ;
પછી બાવરો બનીશ, વીઠુલ વર. ૧
લોભે લેવાઇ ગયો છે,
વખત પુરો થયો છે;
કાળ તાકી રહ્યો છે, વીઠુલ વર. ૨

થાશે ઓચીંતુ અંધારૂં,
નથી નાઠાનું કંઇ બારૂં;
હવે કહ્યું કરે તો સારૂં, વીઠ્ઠલ વર. ૩
હરિ ભજીને તું જીત,
રાખ રૂડી તું તો રીત;
કે' દલસુખ માન પતીત, વીઠ્ઠલ વર. ૪

પદ ૩૧ મુ.

રાગ ઉપરનો.

ભક્તી કરતો નથી કેમ, કોલ સીદ કર્યો તો. ટેક.
તું તો ચાલે જેણુ તેમ. કોલ. ૧
તું તો હેવાળામાં ડુલ્યો. કોલ. ૨
બ્હાર આવીને તું ભુલ્યો. કોલ. ૩
તું તો તોફાને તૈયાર. કોલ. ૪
ભોજન કરવામાં હુશીયાર. કોલ. ૫
આડી અવળી ફાવી વાત. કોલ. ૬
છેક બન્યો તું કમજાત. કોલ. ૭
વા'લું લાગ્યું તને નાણું. કોલ. ૮
ના જોયું રાતને વાણું. કોલ. ૯
દીવસ ઉપર દીવસ જાય. કોલ. ૧૦
તોએ વીચાર નવ થાય. કોલ. ૧૧
હવે ફેરે જુઠા ફંદ. કોલ. ૧૨

વ્હાલો લાગ્યો એ આનંદ. કોલ. ૧૩
ભોગ દેખીને ભરમાયો. કોલ. ૧૪
જરા એમાં ના શરમાયો. કોલ. ૧૫
લાભ ખોઇ લીધો ટોટો. કોલ. ૧૬
અંતે ખેલ છે એ ખોટો. કોલ. ૧૭
શું વચન વીલો થઇશ. કોલ. ૧૮
ત્યારે જખ મારતો જઇશ. કોલ. ૧૯
માટે ચાલો હવે ઠીક. કોલ. ૨૦
રાખ કાળ તણી બીક. કોલ. ૨૧
ઝલી ઝડપ લેઇ જશે. કોલ. ૨૨
પછી પસ્તાવાનું થશે. કોલ. ૨૩
જીતી બાજી સીદને હારે. કોલ. ૨૪
સાથે શું આવશે તારે. કોલ. ૨૫
કર તેનો તું વિચાર. કોલ. ૨૬
સોધી લેને સાચો સાર. કોલ ૨૭
તોતો તરી ઉતરે પાર. કોલ. ૨૮
ભજ દલસુખનો કીરતાર. કોલ. ૨૯

## પદ ૩૨ મું.

ગુલાબવાડી ચઉટા વચ્ચે રોપી રે. એ રાગ છે.

સમરણ કરતાં શરમ આવે છે શાનીરે,
ઘડી પલકમાં થઇ જવાની હાનીરે;

ખબર નથી કે આશી રીતે રહીશુંરે,
ભજન વિનાતો નક્કી ગોથાં ખઇશુંરે.
જે તર્યા તે ભજન તણા પરતાપરે,
સઉનો સાચો શામળીયો છે બાપરે;
સાચા બાપને સીદ વીસારે ભાઇરે,
વીચાર કર તું વીરા મનની માંહીરે.
સુધરવાનું શોધી કાઢો કાજરે,
તે વીનાતો નહી રે'વાની લાજરે;
નામ ભજોતો કામ તમારાં થાયરે
જનમો જનમનાં પાપ પલકમાં જાયરે.
જેણે કરી પરમેશ્વરમાં પ્રીતીરે,
મટી તેને કાળતણી સઉ ભીતીરે;
જેણે કર્યો પરમેશ્વરમાં પ્રેમરે,
તે નરતો રહેવાનો કુશળક્ષેમરે.
જેણે કરીઓ શામળીયાશું ભાવરે
તેણે લીધો આ દુનીયામાં લાવરે.
જેણે કરીયો પ્રભુજીથી સ્નેહરે,
પછી તેની થઇ પ્રવીત્ર દેહરે.
જે નરને વ્હાલા છે જાદવ રાયરે,
તે નરનાં તો કામજ ધારયાં થાયરે;
દીલ ચોટયું તો ડર નથી લગારરે,

દલસુખ કે'છે સમજી લે આ સારરે.

### પદ ૩૩ મું

હાંરે મોત માગ્યુરે મોત માગ્યુ એ રાગ.

હાંરે મને મળીયોરે મને મળીયો.
પેલો કાનુડો કૃષ્ન મને મળીયો. ટેક.
તનમાં તૃષ્ના અંતરમાં એની,
દેખી દોડીને કહાડી હુડીયો; હાંરે પેલો. ૧
ચોકસ ચીત્ત મારૂં ચોરી લીધું છે,
આગળ આવીને પાય પડીયો; હાંરે પેલો. ૨
પ્રીતી લાગી છે મને પ્રાણુજીવનની,
હરખે સાંભળે શામળીયો; હાંરે પેલો, ૩
રોકી ઉભો છું નહીરે જાવા દઉં,
વાલાની સંગે જઈ ભળીયો; હાંરે પેલો. ૪
દલસુખ કહે આ પ્રેમનું પારખું,
સાચો હીરો તે હરી જડીયો; હાંરે પેલો. ૫

### પદ ૩૪ મું.

ભજીલ્યો ભજીલ્યો ભજીલ્યોરે, રઘુવરને ભાઇ—એ રાગ.

ગોવીંદ ગોવીંદ ગઈએરે, દેહ રહે ત્યાં સુધી;
શુભ મારગ સંચરીએરે, સોધી સારિ બુદ્ધી.
દયા દીનતા ધરીએરે, કરીએ સંગ સારો;

કુડ કલપના કાઢીરે, વ્હેતું મન વારો.
નેક ટેક રાખીનેરે, ઝટ કરીએ કામ;
ભાવ ધરીને ભજીએરે, સીતાપતિ રામ.
બીજી વાસના બાળીરે, તજીએ તે તમામ;
અંતે એ અથડાવેરે, નહિ આવે કામ.
રાવણ કરણ દુરિયોધનરે, ગયા સંપતિ મુકી;
સાથે કાંઇ નવ લીધુંરે, દીધા તેમને ફૂંકી.
તલમાત્ર નથી તારૂ રે, તુ તપાસ તનમાં;
પુન્ય પાપ થશે સાથેરે, જાણી લે મનમાં.
આજ કાલ તારે જાવુંરે, નથી ઘડીનો ઉધારો;
કાળ ફાળ માથે મારેરે, હવે કરોને સુધારો.
અધીપતિ એણે ગોળ્યારે, માર્યા બહુ બળમાં;
લાગ આવે નવ ચુકેરે, પકડીલે પળમાં.
પછી પડયું રહેવાનુંરે, કરવાનુ કરને.
દલસુખના વ્હાલાનુંરે ધારિ ધ્યાન ધરને.

પદ ૩૫ મું.

રાગ ઉપરનો.

પુરૂસોત્તમ પ્રીતમ પ્યારારે, દલસુખના વ્હાલા;
અરજ ઉરમાં ધરજયોરે. કરૂં કાલાવાલા.
દુરમતિનો ભરીયોરે, ફરિયો ફોગટમાં
કામ ક્રોધ વળી મારેરે, ભરપુર છે ઘટમાં.

પ્રપંચ પાપની પ્રીતીરે, ભિતિ નવ રાખી;
લોભ લાભમાં લળીયોરે, જુઠી વાત ભાખી.
ઠગારોર ઠલસુખ છુરે, આડી જીભ ઘાણું;
બોલીને બગાડુરે, ના જોઊ સગુ વહાલું
ચાડીમાં ચતુરછુંરે, લઢવામાં સૂરો;
પુન્યમાં પાછો પડુછુંરે, કજીયામાં પુરો.
બળે કરીને બાઝુંરે, લઢતાં નવ લાજું;
અનેક અવગુણ મુજમાંરે. શું કહું મુખ ઝાઝું.
સંત મહંત કોઈ આવેરે, તેનો ભાવ નવ પુછું;
સેવા તેની નવ થાયેરે, પાપી પુરો છું.
ખરૂ કારજ મેં ખોયુંરે, બુડવા વાંણુ એડું;
બીલાડું બારણે કાઢતારે, ઉડતું ઊંટ પેઠું.
ભેદ તેનો મેં જાણ્યોરે, અંતર વિચારી;
દોશ મારો નવ જોશો.રે, લ્યોને ઉગારી.
ક્ષમાના કરનારારે, બાપ તમને કહુછું;
શુભ રીતોને ઝાલીરે, તુજ શરણ રહુંછું.
અંતે ધર્મની જય છેરે, મેં નિશ્ચય કર્યું છે;
તુજ નામે પાપ નાઠાંરે, એઇ મન ઠર્યું છે.
નામ કદી નહિં ભૂલુંરે, ભુદરજી મારા.
તન મન ધન તમે મારૂંરે, ગુણ ગઈશ તમારા;
દોશ કરમ દૂર રહેશેરે, મનમાં મને લાગ્યું;

દીનાનાથ દયાળુરે, તુંએ તમે એ કૃપાળુ.
માલીક જ્યારે આવ્યોરે; દેખી ચાર ખાડા
પકડવાની બીકરે, ગરવા થઇ ગાઢા.
પછી બીક રહી કોનીરે, જુવોને તપાસી;
હલસુખ દલમાં ભજીલેરે, મટી જાય ઉદાસી.

પદ ૩૬ મું.

વાંચીને વિચારો આ શીખામણના શબ્દો;
ઓ મુરખારે, નામ વિના બીજુ શું ખોટું:
ઓ મુરખારે, ધણીનુ નામ છે તે મોટું;
ઓ મુરખારે, તેના વિના તરવાનો નથી,
ઓ મુરખારે, મારૂ મારૂ શીદ મરે મથી.
ઓ મુરખારે, ભજીલે સીતારામને,
ઓ મુરખારે, અંત વખતના કામને;
ઓ મુરખારે, પાપ થકી તો તું ડરજે,
ઓ મુરખારે, સત સંગ હવે જઇ કરજે.
ઓ મુરખારે, માન મુકીને મરમ લઇએ.
ઓ મુરખારે, હૈયામાં હરિ નામ દઇએ;
ઓ મુરખારે, ભજન વિના ભય નહિ ભાગે,
ઓ મુરખારે, એ વિના બીજું કામ નહિ લાગે.
ઓ મુરખારે, મહા પુરૂષનો સંગ કરીએ,
ઓ મુરખારે, પરોપકારાર્થે જઈ ફરીએ;

ઓ મુરખારે, હરી વીના નથી કોઇ બેલી,
ઓ મુરખારે, પર નીંદાને દે મહેલી.
ઓ મુરખારે, મેલ મમતં હવે ઠાલો,
ઓ મુરખારે, વ્હાલો કર વીઠલ વ્હાલો;
ઓ મુરખારે, પ્રીતી કરને પ્રેમ થકી,
ઓ મુરખારે, માની લેજે મનમા નક્કી.
ઓ મુરંખારે, જાગે તો જોખમ જાશે,
વ્યાસ દલસુખ કે, નહિ ભજે તો ગોથાં ખાશે.

પદ ૩૭ મું.

ભજનમાં બોલ શું'ઠા ભજનમાં બોલ-એ રાગ

સીતારામ ભજ ભાઇ, સીતારામ ભજ;
મીથ્યા સુખને મેલી દઇ, કપટ તારૂં તજ. ભાઇ. ૧
ભરૂસો ભૂદરનો રાખી, તારૂ દીલ તપાસ;
ક્યાથી આવ્યો ક્યાં જવુંછે, એ જીવે તું ખાસ;ભાંઇ ૨
માયા છે મોહનની તે, તારિ કેડે ધાય;
પ્રભુજીથી પ્રેમ થાંય તો દેખી દોડી જાય. ભાઇ. ૩
મન વડે જીતવુંને, મન કે' હારે હાર;
મન મેળવે રામજીને, સમજ સાચો સાર. ભાઇ. ૪
સાર શોધી રામ ભજે, ઉતરીશ પાર;
દલસુખ કહે નહિ ભજેતે, ખાશે જમનો માર.ભાઇ ૫

## પદ ૩૮ મું,

### રાગ ઉપરનો.

હરિને સંભાળ ભાઇ હરિને સંભાળ;
ના કરવાનું કામ કરે ત્યાં, મોઢું તારૂં બાળ. ભુંડા ૧
પાપ કામે પડતું મેલે, પુન્યમાં પાછો જાય.
દયા દીનતા દૂર કરીને, ગોથાં સીદને ખાય. ભુંડા.
હરિજન થઇએને, કરીએ સઉની સહાય,
ફેલમાં ફસાઇએ નહીતો, સુખ સારૂ થાય. ભુંડા. ૩
જોઇ જોઇ જોયું ત્યારે, ભજનમાં છે સુખ;
ક્ષણ માત્રના સુખમાં તો, દીઠું ડુંગર દુઃખ. ભુંડા. ૪
ઢીલાં ઢચ ઢીચણુંને, ધીમે ધીમે જાય;
વાસના વિષયમાં વળગી, તેથી ખત્તા ખાય. ભુંડા. ૫
કામી સામી નાર જોઇને, મનથી સપડાય;
ભીતરમાં ભાવે તેથી, જાગમાં લપટાય. ભુંડા. ૬
ઉપર તજે અંતર ભજે, વિસરી ન જાય;
ઉદરમાંથી ઉલટી થઇ કે, પાછું ના ખવાય. ભુંડા ૭
એવી રીતે સમજીને, પડી મેલ એ વાત;
સત્ત સંગે સુધરીને, સાચવ તારી જાત. ભુંડા ૮
કાયા વડે કીરતારનું, કરી લે સમરણ;
ગુરૂગમથી દલસુખ કહે છે, છુટી જાશે રણ, ભુંડા ૯

## પદ ૩૯ મું.

ઓ મારા વીરારે, જો સઉ ધીરારે. એ રાગ.

જેશી કૃષ્ણ સઉ હરિ જનનેરે,
સાષ્ટાંગ મારા સત ગુરૂજીનેરે;
વંડના પ્રણામ પ્રાણ જીવનનેરે,
નમસ્કાર મારા નારાયણુનેરે.
હાથ જોડું મારા હરીવરનેરે,
પાય પડું મારા પુરસોતમનેરે,
ગુણ ગાઉં હુ ગોવીંદજીનારે,
ચીંતવન કરૂ મારા ચત્રુભૂજનુંરે,
ભાવ ધરૂં મારા ભુદરજીનોરે,
કામ કરૂં મારા કૃષ્ણજીનુંરે;
સંગ કરૂં મારા શામળીયાનોરે,
ધણી કરૂં મારા ધરણીધરનેરે.
વ્હાલા કરૂં મારા વીઠલ વરનેરે,
દોશ ના જોશો ઓ દીનબંધુરે;
હાથ ઝાલો ને તારો ભવસીંધુરે,
લેહ મને મારા લાલની લાગીરે.
નિદ્રા ત્યાગીને જોયું જ્યારે જાગીરે,
જાગ્યો ત્યારે ભય મારે ભાગ્યોરે;
પ્રેમરસ પીતાં મને સારો લાગ્યોરે,

નંદના કુંવરની સાથે ચીત લાગ્યુંરે,
તૃષ્ણા તરંગથી મન મારૂં ભાગ્યુરે,
વાગી કટારી કાળજાની માંહ્યરે;
ભીતર ઉતરી જીવન જ્યાંયરે,
શાંન્તી થઇને ઠાકોરમેં દીઠારે.
રામ નામ લાડુ સાકરથી મીઠારે,
તેની આગળ બીજું સર્વ તુછરે;
ના માને તો હરિજનને પુછરે,
તેથી ના માને તો તું તેવો થાનેરે.
સંદેહ ખોવા તે લાડુ ખાનેરે,
પ્રેમથી ... પારખું પડશેરે;
દલ... કહટ સોધી જોને જડશેરે,

પદ ૪૦ મું.

સુણો શામળીયા, પ્રભુ પાતળીયા;
દ... દારાને નવ દઇએરે, એ રાગ.

સુણો હરિજન નીરમળ મન રાખી પ્રભુમાં રહીએરે. ટેક
અ... રૂડો આવ્યો છે આપણે,
પ્રેમે પ્રભુ નામ લઇએરે. સુણો. ૧
ન... ...ી નામ નારાયણ,
તેના વ... પાર જઇએરે સુણો. ૨
બેઠા પાકા બીક ન રાખવી,

સતગુરૂ સાથે લઇએરે. સુણો. ૩
પુરસોત્તમથી પ્રીતજ કરીએ,
સતગુરૂ વચન સહીએરે. સુણો. ૪
હલસુખ કહેછે મન વશ કરી,
ગોવીંદના ગુણ ગઇએરે, સુણો. ૫

પદ ૪૧ મું.

ભાઇ તું ભજને સીતાપતિ રામરે—એ રાગ.

કક્કા કરી લેને કૃષ્ણ કમાણીરે,
માથે મરણની મોત નીશાનીરે;
ખખ્ખા અંતની વાતછે ખરીરે,
બીજી વાત મુકી દેને પડીરે. ૧
ગગ્ગા ગોવીંદના ગુણ ગાનેરે,
રામ નામમાં લતબર થાનેરે;
ઘઘ્ઘા ઘટમાં આતમરામ રહેછેરે,
એમ ચારે વેદ વાણી કહેછેરે. ૨
ચચ્ચા ચીતમાં ચેતી લેતો સારૂંરે,
તુતો માન કહ્યું હવે મારૂંરે;
છછ્છા છબીલાને સંભાળોરે,
કટેવને મુળમાંથી કાઢોરે. ૩
જજ્જા જુગજીવન સાચો કહીએરે,
નિત્ય હરિ ચરણમાં રહીએરે;

ઝઝ્ઝા ઝાંખી જુવેતો જડશેરે,
પ્રીતિ કરીશ તો પારખું પડશેરે. ૪
ટટ્ટા ટેક રાખી જોને તનમાંરે,
નીશ્ચય કરી લેને તારા મનમાંરે;
ઠઠ્ઠા ઠાકોર ઠેકાણામાં ઠરિયારે,
આકીનવાળાને નજરે પડીયારે. ૫
ડડ્ડા ડાહ્યો થાને ડહાપણ રાખીરે,
મોહ લોભને મારી નાંખીરે,
ઢઢ્ઢા ઢોલ વગાડીને કહીએરે,
સહુના સારા માટે શીખ દઇએરે. ૬
તત્તા તારૂં તપાશી તુ ચાલરે,
તારે એચીંતુ જાવું આજ કાલરે;
થથ્થા સ્થીર રહેવું તારે નથીરે,
સાચું માની લેજે સરવથીરે. ૭
દદ્દા દામોદરને તું ભજનેરે,
તારા મનનો ગર્વ તુંતો તજનેરે;
ધદ્ધા ધણીની રાખવી બીકરે,
કપટ કહાડી કામ કરીએ ઠીકરે. ૮
નન્ના નારાયણનું નામ સાચુરે,
તારૂં કાયાનું કોટડું કાચુંરે;
પપ્પા પુરશોતમની કરવી પ્રીતરે,

નિતિ રાખેતો નીરખે નીતરે. ૯
ફફ્ફા ફોગટમાં નવ ફરીએરે,
નેક ટેકની ભક્તિ તો કરીએરે;
બબ્બા બોલે તેને જાણી લઇએરે,
ત્યારે ભવસાગર તરિ જઇએરે. ૧૦
ભભ્ભા ભુદરને ભાવે ભજીએરે,
માન બડાઇ ઇરષાને તજીયેરે;
મમ્મા મેઘો મનુષ્યનો દેહરે,
એક સાચો સામળીયાનો સ્નેહરે. ૧૧
રરરા રણછોડ ભજે રણ છુટેરે,
તારી આયુષ દેહ રીતો ફુટેરે;
લલ્લા લાભ છે લક્ષ્મીપતિમાંરે,
સુખ સોધેતો શુભ મતિમાંરે. ૧૨
વવ્વા વિઠ્ઠલ વરને સેવોરે,
સોંઘો સસ્તો છે મીઠો મેવોરે;
શશ્શા શાંતિ રાખે ભ્રાંતિ ભાગેરે,
જોને તનમાં અંતરજામી જાગેરે. ૧૩
હહ્હા હરી ભજે દુખ જાયરે,
તેનું ભરાયું ડગલું ભરાયરે;
અવર ઉપાય નથી બીજેરે,
સુકી મમતાને પ્રેમ રસ પીજેરે. ૧૪

ફરી ફરી ના આવે આ ટાણુંરે,
દલસુખ કેહેછે ઝાઝું શું વખાણુંરે;

પદ ૪૨ મું.

રાગ ઉપરનો.

નિતિ રાખી નારાયણને ભજીએરે,
અંતરમાંથી અભીમાન તજીએરે;
સાચું જાણો શામળીયો છે સાચોરે,
તમે રૂપ રંગે શું રાચોરે. ૧
મળ મૂત્રની ભરી આ કાયારે,
ભુલી ભાનને શું ભરમાયારે;
એમાં ડાહ્યા કંઇક ડંડાયારે,
પુરા પસ્તાઇને ખત્તા ખાયારે. ૨
જુઠા સાથે બાથ શીદ દઇએરે,
બોધ લેઇ વિચારીએ હૃઇએરે;
રામ વિના ઠામ નથી ઠાલોરે,
દલસુખ કે'છે સીધા મારગ ચાલોરે. ૨

પદ ૪૩ મું.

નામની નામની નામનીરે, લ્હે લાગી હરિના નામની—એ રાગ.

ગાને ગાને ગાનેરે, ભુંડા ગોવીંદના ગુણ ગાને ટેક.
કોલ કર્યોતો ને કેમ નથી ભજતો,
બાંધી કમ્મર તઇયાર થાનેરે. ભુંડા. ૧

ઠાકુરોમાં તારૂં મનડું મ્હાલે છે,
ઠરીને બેસ ઠાકોર પાસેરે. ભુંડા. ૨
